# નવરાત્રિમાં ગરબાના આયોજનને કોરોનાનું ગ્રહણ

## શહેરમાં નવરાત્રિના ગરબા સંદર્ભે આયોજકો - ખૈલેયાઓ અને તબીબોના મંતવ્ય જાણવાનો પ્રયાસ

*ગાંધીનગર, તા. ૧૩*

*કોરોનાની વૈશ્વિક મહામારીના કારણે દેશ દુનિયામાં જનજીવન પ્રભાવિત છે. મહામારીના પ્રારંભિક તબક્કે જારી કરાયેલા લોકડાઉન બાદ હવે તબક્કાવાર સરકાર છુટછાટ આપી રહી છે આમ છતા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનો પર પાબંધી છે. કોરોના કાળ દરમિયાન પવિત્ર શ્રાવણ માસ અને ગણેશોત્સવ સહિતના તહેવારોની ઉજવણી નાગરિકોના ઘર સુધી સિમિત રહી હતી. ત્યારે શક્તિની ભક્તિનું દિવ્ય પર્વ નવરાત પણ નજીકમાં છે.*

*કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવી કે નહિ તે વાત હાલ ટોક ઓફ ધ ટાઉન છે જો કે સંસ્થાકીય ગરબા મહોત્સવના આયોજકોએ નવરાત્રીની ઉજવણી નહિ કરવા અંગેની ઘોષણા કરી દીધી છે. ત્યારે એક વાત તો નક્કી છે કે ગાંધીનગરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી નહી થાય. પરંતુ વર્ષોથી યોજાતા પરંપરાગત શેરી ગરબાના આયોજન અંગે પણ હજુ અસમંજસની સ્થિતિ છે. ત્યારે નવદુર્ગાના નવરાત પર્વની સેક્ટરોની શેરીઓમાં ઉજવણી કરવી જોઈએ કે નહિ તે અંગે ગરબાના આયોજકો, ડ્રેસ ડિઝાઈનરો, ખૈલૈયાઓએ પોતાના મત રજૂ કર્યા છે જે અત્રે પ્રસ્તુત છે.*

**ગરબા ન યોજી કોરોના સામેની લડતમાં સહકાર આપવો આવશ્યક**



નવરાત્રી આપણો મોટો ઉત્સવ છે અને પ્રતિવર્ષ બહુ જ ઉત્સાહ, ઉમંગથી આ પર્વને આપને ઉજવતા રહ્યા છીએ પણ આ વર્ષે કોરોનાની મહામારી સામે લડી રહ્યા હોઈએ ત્યારે જ્યાં સંક્રમણની શક્યતા વધુ હોય એવી ઉજવણી એકાદ વર્ષ ન કરીને સરકાર, ડોક્ટર્સ ને સહુ કોરોના વોરિયર્સના પ્રયાસોમાં સહકાર આપવાની વધુ જરૂર છે. આદ્ય શક્તિ માં અંબાની પણ કદાચ આ જ મરજી હશે.મોટા પાયે ગરબાના આયોજનમાં સરકારની ગાઈડ લાઈન્સનું પાલન ઘણું અઘરું છે ત્યારે એ ન યોજીને કોરોના સામેની લડતમાં સહકાર આપવો આવશ્યક છે.

**- પ્રકાશ લાલા, સિનિયર ઉપપ્રમુખ કલ્ચરલ ફોરમ**

●●●

**ગરબાનું આયોજન જોખમી**



ગુજરાત અને ખાસ કરીને ગાંધીનગરમાં નાવરાત્રીના દિવસોમાં ગરબાનું આયોજન ન થાય તે માનવુ કે વિચારવુ મુશ્કેલ છે પરંતુ કોરોના મહામારીની આ પરિસ્થિતિમાં ગરબાનું આયોજન ખરેખર જોખમી અને અકલ્પનીય દુષ્પરિણામો લાવી શકે તે સબળ શક્યતાઓને ધ્યાનમાં લેતા, નવરાત્રી સૌ ગુજરાતીઓનો પ્રીય તહેવાર હોવા છતાં એક વર્ષ માટે આ આયોજન સ્થગિત કરી દેવુ જોઈએ તેવો મારો અભિપ્રાય છે. વિશ્વ કલ્યાણની મા જગદંબાના ચરણોમાં પ્રાર્થના.

**- આશાબા સરવૈયા, પીઠ કલાકાર**

**ગરબા મહોત્સવમાં સરતોનું પાલન કરવુ મુશ્કેલ**



નવરાત્રી આ વર્ષે ન કરવી જોઈએ. ગરબા મહોત્સવમાં શરતોનું પાલન કરવુ ખુબ મુશ્કેલ બને તેમ છે જ્યારે પબ્લીક ઈવેન્ટમાં કોઈને બહુ રોકટોક પણ ન થઈ શકે અને ખેલૈયાઓ માસ્ક પહેરીને ગરબા પણ ન રમી શકે. ગરબા મહોત્સવના આયોજનમાં ભીડ ભેગી થાય તો કોરોનાનું સંક્રમણ પણ વધે અને વાદ વિવાદમાં પડવુ યોગ્ય પણ ન ગણાય. મહામારીના સંજોગોમાં સાવચેતી અનિવાર્ય છે.

**- હરિશ ત્રિવેદી**
**પૂર્વ પ્રમુખ, લાયન્સ કલબ**

●●●

**નાના પાયે શેરી ગરબા થવા જોઈએ**



છેલ્લા ૩૦ વર્ષથી અમે માતાજીના ગરબાનું આયોજન કરી રહ્યા છે. માતાજીની સંસ્કૃતિને આગળ વધારવી જોઈએ તેવુ મારૂ માનવુ છે તેથી મારા મતે માતાજીના ગરબાનું સ્તાપન થવુ જોઈએ અને ૫ થી ૨૫ બહેનો દ્વારા માતાજીના ગરબા નાના પાયે થવા જ જોઈએ.

**- કાળીદાસભાઈ પટેલ**
**સાર્વજનિક ગરબા સમિતિ, સે. ૨૨**

●●●

**વાયરસ ન જાય ત્યા સુધી સામુહીક આયોજન ન થવા જોઈએ**

મા આદ્યશક્તિના પ્રાગટ્યનો ભક્તિ અને શક્તિના સંગમ સમો આ તહેવાર વર્ષમાં એક જ વાર આવે ત્યારે આ તહેવાર ના ઉજવાય તો ના ગમે એ સ્વાભાવિક વાત છે. પરંતુ મેં કોરોના મૃત્યુ પામતા, શ્વાસ ન લઈ શકવાના પરિણામે તરફડતા દર્દીઓને જોયા છે. તમામે તમામ તબીબી પ્રયત્નો કામે લગાડયા છતાંય, બંને ફેફસા ખલાસ થઈ જવાના કારણે થોડી ક્ષણોમાં મૃત્યુ પામતા માણસને જોઈએ ત્યારે એમ લાગે કે માત્ર નવરાત્રિ જ નહિં પણ કોઈ પણ પ્રકારનો સામૂહિક, લોકો એકઠા થાય એવો કાર્યક્રમ, જે આ વાયરસ ન જાય ત્યાં સુધી અથવા તો વેક્સિન ન આવે ત્યાં સુધી ના જ થવો જોઈએ. કારણકે અમે આવતા વર્ષે નવરાત્રિમાં અને આવનારા તમામ વર્ષો સુધી ...આ થનગનાટ કરતાં ખેલૈયાઓને રમતા, ગરબે ઘૂમતા જોવા માગીએ છીએ.



**- ડો. અનિલ ચૌહાણ પ્રેસિડેન્ટ**
**ઈન્ડીયન મેડીકલ એસોસિએશન ગાંધીનગર**

●●●

**હજારોની સંખ્યામાં ખેલૈયાઓ ગરબા રમતા હોય ત્યારે સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવાય તે શક્ય જ નથી**

કોરોનાની આ વૈશ્વિક મહામારી ચાલી રહી છે અને કોરોનાના કેસ દિવસે ને દિવસે વધતા જઈ રહ્યા છે ત્યારે મારા મતે આવા સમયમાં ગરબાનું આયોજન ન થવુ જોઈએ. હજારોની સંખ્યામાં ખેલૈયાઓ ગરબે ઘુમવા આવતા હોય ત્યારે સોશિયલ ડિસ્ટન્સીંગ, માસ્ક અને હાથમાં સેનિટાઈઝર આવા નિયમનું પાલન થવુ આસાન નથી. મારા મતે ફક્ત માતાજીની આરતી એ પણ સારકારની ગાઈડલાઈન મુજબ થવી જોઈએ અને આમ પણ એક વર્ષ ગરબા નહી રમીએ તો ચાલશે પણ લોકોના જીવ સાથે રમવુ હિતાવહ નથી.



**- કેવલ ઠક્કર, ખેલૈયા**

**માસ્ક પહેરીને સતત ગરબા ન જ રમી શકાય**



મારા મતે તો નવરાત્રી ન થવી જોઈએ કારણ કે દિવસે ને દિવસે કોરોનાના કેસ વધતા જાય છે અને નવરાત્રી થશે તો કેસમાં વધારો થશે. મેડીકલ સાયન્સ મુજબ મને નથી લાગતુ કે માસ્ક પહેરીને સતત ગરબા રમી શકાય.

**- પૂર્વી ઘોઘારી, ખેલૈયા**

●●●

**ગરબાની શોખીન હોવા છતા સૌના હિતમાં ગરબા ન થાય તેમજ હુ ઈચ્છીશ**



લોકડાઉન થયુ ત્યારથી જ ચિંતા હતી કે નવરાત્રી થશે કે નહિ લાગતુ હતુ કે નવરાત્રી સુધી કોરોનાનું નામો નિશાન મટી જશે પણ અત્યારે લાગે છે કે સરકાર કહે તો પણ ગરબાનું આયોજન નહી જ થાય. ગરબાનો શોખ હોવા છતાં હું એવુ ઈચ્છીશ કે કોરોનાને લીધે આ વર્ષે ગરબા ન થવા જોઈએ તે જ સૌના હિતમાં છે. આ વર્ષે અમારા જેવા ખૈલેયાઓ નિરાશ થયા છે. પરંતુ આવતા વર્ષે હુ ઈચ્છીશ કે ૧૮ દિવસની નવરાત્રી ઉજવીએ.

**- ભવ્યા ભટ્ટ, ખેલૈયા**

●●●

**આ વર્ષ ગરબા ન જ યોજાવા જોઈએ પરંતુ આવતા વર્ષે ડબલ જોશમાં ગરબા રમીશુ**



એક ડિઝાઈનર તરીકે મે નવરાત્રીની ૫૦ ટકા તૈયારી કરી રાખી છે. પણ આ મહામારીને ધ્યાનમાં રાખી જો નવરાત્રી ન થાય તો એકવાર અમને ખરાબ લાગશે પણ હું આ તૈયારી આવતા વર્ષમાં પુરી કરીને ડબલ જોશમાં ગરબે રમીશ.

**- રવિ પટેલ, ડ્રેસ ડિઝાઈનર**

●●●

**આ વર્ષે ઘરે રહીને જ માતાજીના ગરબા કરી સમાજ માટે ઉત્તમ ઉદાહરણ પુરુ પાડવું જોઈએ**



અત્યારે કોરાનાની કપરી પરિસ્થિતિમાં આ વર્ષે નવરાત્રીના સમૂહ ગરબાનું આયોજન થવું ન જોઈએ જેથી કરી આપણે સમાજમાં કોરોનાને આગળ વધતો અટકાવી શકીએ અને યોગ્ય નિયમોનું પાલન કરી સમાજને મદદરૂપ થઈ શકીએ. માતાજીની આરાધના આ વર્ષે ઘરે રહીને કરીને સમાજ માટે એક ઉત્તમ ઉદાહરણ પૂરૂ પાડીએ અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવાય તે જ મારી ભાવના છે.

**- કૃણાલ શાહ, ડ્રેસ ડિઝાઈનર**

●●●

**આયોજકો દ્વારા નવરાત્રીનું આયોજન ન કરવામાં આવે તો કોરોનાના કેસ ઘટવામાં આયોજકોનું મોટુ યોગદાન રહેશે**



મારા મતે આ વર્ષે નવરાત્રીનું આયોજન કરવુ હિતાવહ નથી. જેમ રક્ષાબંધન અને અન્ય તહેવારોની ઉજવણી ઘરે રહીને જ કરી તેમ નવ નોરતા પણ પરિવાર સાથે જ ઉજવીએ. દરેક આ બાબતમાં સહકાર આપશે તો દેશ અને નગર જલદી કોરોના મુક્ત થશે. આ વર્ષે આયોજકો દ્વારા નવરાત્રીનું આયોજન ન કરવામાં આવે તો કોઈ નુકશાન નથી. પણ નવરાત્રીમાં ગરબાનું આયોજન ન કરવાથી કોરોનાના કેસ ઘટવામાં તેમનું બહુ મોટુ યોગદાન રહેશે.

**- ગુંજન પટેલ, ખેલૈયા**

## અમદાવાદમાં જર્જરિત મકાન ધરાશાયી

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદમાં અનેક એવા ઈમારતો અને મકાનો એવા છે જે હાલ જર્જરિત હાલતમાં છે અને ભૂતકાળમાં પણ મકાનો અને ઈમારતો પડી જવાથી અનેક લોકોનાં મોત થયા છે પરંતુ હાલ પણ કોર્પોરેશન નિદ્રામાં હોય તેવું લાગે છે. કારણ કે ફરી અમદાવાદમાં એવી એક ઘટના બની છે, જેમાં એક યુવકનું મોત નિપજેલ છે. અમદાવાદના ખાડીયા વિસ્તારમાં એક જૂનવાણી ઘર પત્તાના મહેલની જેમ ધરાશાયી થતા અગાશીએ ખાટલા પર પોઢેલા આશાસ્પદ યુવકનું મોત થયું છે. નોકરી સમાપ્ત કરીને ઊંઘવા ગયેલા યુવકે સ્વપ્ને પણ નહીં વિચાર્યુ હોય તે કાયમ માટે નિંદ્રામાં જતો રહેશે. જોકે, તંત્રની બેદરકારીએ ફરી એક વાર નિર્દોશનો ભોગ લીધો છે.



## સોમનાથ બ્રહ્મકર્મ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાનવીર મહાનુભાવોનો સન્માન સમારંભ યોજાયો

સોમનાથ બ્રહ્મકર્મ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા ટ્રસ્ટના કર્મકાંડી બ્રાહ્મણોના બાળકો સારું શિક્ષણ મેળવી શકે તે હેતુથી વિના મૂલ્યે ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ટ્રસ્ટના સભ્યો તથા ટ્રસ્ટી મંડળના હોદ્દેદારો દ્વારા લોકડાઉન દરમિયાન ૪૫૦ જેટલા કર્મકાંડી બ્રાહ્મણોને ઘર માટે વિના મૂલ્યે અનાજ અને કરિયાણાની કીટ બનાવી પહોંચાડવામાં આવી હતી. જે અંતર્ગત તમામ દાનવીર મહાનુભાવોને સહકાર આપવા બદલ તેમના માટે સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં સંસ્થાના પ્રમુખ અખિલેશભાઈ પુરોહિત, મંત્રી પંકજભાઈ પંડયા, પિનાકીનભાઈ રાવલ, દિનેશભાઈ વ્યાસ, મમતાબેન રાવલ, ઈલાબેન જોષી, કનૈયાલાલ પંડયા, અંબુસિંહ ગોલ, ડૉ. યોગેશભાઈ વ્યાસ, સંજયભાઈ ત્રિવેદીએ ખાસ હાજરી આપી હતી.

# ‘શરમ કરો હિન્દુસ્તાન’: દેશની ૧૨૫ કરોડની વસતીમાં માત્ર ૪૪ ટકા લોકો હિન્દી બોલે છે

ગુજરાતીમાં એક કહેવત છે કે પ્રત્યેક માઈલે પાણીનો સ્વાદ બદલાય છે અને બાર ગાઉએ બોલી બદલાય છે... ભારતની ધરતીની લાક્ષણિતા ભાષાની વિવિધતા છે. ૨૦૧૧ની વસતી ગણતરી પ્રમાણે ભારતમાં ૫૩ કરોડ લોકોની મુખ્ય ભાષા હિન્દી હતી જે ભારતની કુલ વસતીના ૪૩.૬૩ ટકા થવા જાય છે. વસતી ગણતરીના રિપોર્ટ પ્રમાણે દેશમાં કુલ ૧૯૫૬૯ ભાષાઓ બોલાય છે જે પૈકી ૧૦ હજાર કે તેથી વધુ લોકો બોલતા હોય તેવા ભાષાઓની સંખ્યા ૨૭૦ નોંધવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હિન્દીના આગ્રહી છે. તેમણે શિક્ષણ નીતિમાં ત્રણ ભાષા ફરજીયાત ભણાવવાનું પ્રયોજન કર્યું છે તેમાં હિન્દીનો પણ સમાવેશ થાય છે. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું છે કે – કરોડો દેશવાસીઓને એકસૂત્રમાં બાંધનારી હિન્દી ભાષા રાષ્ટ્રની એકતાનું પ્રતિક છે. વિશ્વની મહાસત્તાઓ અને વિકસિત દેશોએ પોતાની માતૃભાષા અને સંસ્કૃતિના બળે આગવી ઓળખ બનાવી છે. --- તેઓ કહે છે કે માતૃભાષામાં જ્ઞાન આપવાથી ગ્રહણશક્તિ વધે છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ ૪૦ ગ્રંથો હિન્દીમાં લખ્યાં હતા. ભારતમાં હિન્દી ભાષા પ્રત્યે દક્ષિણ ભારતના કેટલાક રાજ્યોને સૂગ છે તેથી કેન્દ્ર સરકારના હિન્દી ભાષા અંગેના કોઈપણ નિર્ણયનો તેઓ વિરોધ કરે છે. કેટલાક અંગ્રેજી શબ્દો હિન્દી ભાષામાંથી બન્યાં છે જેમાં વિલાયતી, મહાવત, કરૈત, કૌડી, શાલ, સીટા, ખિચડી, ચંપૂ, ચટની, ડૂંગરી, બંગલા, ચિઠ્ઠી, બંગલી, છીંટ, ઠગ, વરાંદાયા, ડકૈત, દેખો, ખાટ, મગરનો સમાવેશ થાય છે.

## ભારતમાં હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો મળ્યો હોવા છતાં કામકાજમાં હજી પણ અંગ્રેજીનું પ્રભુત્વ

**● ૧૪મી સપ્ટેમ્બર ૧૯૪૯ - હિન્દી રાષ્ટ્રભાષા બની...**

હિન્દી દિવસનો ઈતિહાસ અને તેને મનાવવાનું કારણ બહું જૂનું છે પરંતુ આપણે દિલ અને દિમાગથી હિન્દીને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપી શકાયો નથી. ૧૯૧૮માં મહાત્મા ગાંધીએ હિન્દી સાહિત્ય સંમેલનમાં હિન્દી ભાષાને રાષ્ટ્રભાષા બનાવવા માટે અપીલ કરી હતી. તેમણે હિન્દીને જનમાનસની ભાષા પણ કહી હતી પરંતુ આઝાદી પછી એવું થઈ શક્યું નહીં. સત્તામાં આવેલા નેતાઓ અને જાતિ-ભાષાના નામે રાજનીતિ કરનારા લોકોએ હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવા દીધી ન હતી. સ્વતંત્રતા પ્રાપ્તિ પછી હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવા માટે કાકા કાલેલકર, મૈથિલીશરણ ગુપ્ત, રામચંદ્ર શુક્લ, હજારીપ્રસાદ દ્વિવેદી, શેઠ ગોવિંદદાસ અને વ્યોહાર રાજેન્દ્રસિંહે બહું પ્રયાસો કર્યા હતા. આ મહાનુભાવોએ દક્ષિણ ભારતની યાત્રા પણ કરી હતી. અંગ્રેજી ભાષાના વધતા ચલણ અને હિન્દી સામેની અનદેખી રોકવા માટે પ્રતિવર્ષ ૧૪મી સપ્ટેમ્બરે દેશભરમાં હિન્દી દિવસ મનાવવામાં આવી રહ્યો છે. આઝાદી મળ્યાના બે વર્ષ પછી ૧૪મી સપ્ટેમ્બર ૧૯૪૯માં સંવિધાન સભામાં એક જ મત સાથે હિન્દીને રાજભાષા ઘોષિત કરવામાં આવી હતી અને ત્યારબાદ પ્રત્યેક વર્ષે ૧૪મી સપ્ટેમ્બરને હિન્દી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે હિન્દીના વ્યૌહાર રાજેન્દ્રસિંહનો ૫૦મો જન્મદિન હતો, જેમણે હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવા માટે લાંબો સંઘર્ષ કર્યો હતો.

**● રાજભાષા હિન્દી છે પણ અંગ્રેજીનું પ્રભુત્વ છે...**

૨૬મી જાન્યુઆરી ૧૯૫૦માં ભારતીય સંવિધાન લાગુ થવાની સાથે રાજભાષા નીતિ પણ લાગુ કરી દેવામાં આવી હતી. સંવિધાનના અનુચ્છેદ ૩૪૩ (૧) હેઠળ સ્પષ્ટ કરવામાં આવ્યું કે ભારતની રાજભાષા હિન્દી અને લિપિ દેવનાગરી છે. અનુચ્છેદ ૩૪૩ (૨) હેઠળ એવી પણ વ્યવસ્થા કરવામાં આવી કે સંવિધાન લાગુ થયાના સમયથી ૧૫ વર્ષ સુધી (૧૯૬૫) સંઘના તમામ સરકારી કાર્યાલયોમાં અંગ્રેજી ભાષાનો પ્રયોગ થતો રહેશે. આ સમયગાળા એટલા માટે આપવામાં આવ્યો હતો કે જેઓ હિન્દી શિખ્યા નથી તેમણે હિન્દી શિખવાની તક મળે. જો કે ૧૫ વર્ષ પછી અંગ્રેજી ભાષાને હટાવવામાં આવી ન હતી. સરકારી કામકાજમાં અંગ્રેજી ભાષાનો પ્રયોગ ચાલુ રાખવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૨૬મી જાન્યુઆરી ૧૯૬૫માં સંસદમાં પ્રસ્તાવ મંજૂર કરવામાં આવ્યો કે હિન્દીનો ઉપયોગ તમામ સરકારી કાર્યોમાં કરવામાં આવશે પરંતુ તેની સાથે સાથે અંગ્રેજીને પણ રાજભાષાના રૂપમાં સ્વિકારવામાં આવશે. ૧૯૬૭માં સંસદમાં ભાષા સંશોધન વિધેયક લાવવામાં આવ્યા પછી અંગ્રેજીને અનિવાર્ય કરી દેવામાં આવી હતી.




- ગૌતમ પુરોહિત

## મોદી હિન્દીના આગ્રહી છે છતાં સાઉથના કેટલાક રાજ્યોને હિન્દી રાષ્ટ્રભાષા બને તે પસંદ નથી

૧૯૯૦માં પ્રકાશિત પુસ્તક રાષ્ટ્રભાષાનો પ્રશ્ન માં શૈલેશ મટિયાણીએ એવો સવાલ કર્યો હતો કે ૧૪મી સપ્ટેમ્બરે હિન્દી દિવસ કેમ મનાવવામાં આવે છે... જેના પર પ્રેમનારાયણ શુક્લાએ હિન્દી દિવસે અલ્હાબાહમાં તેનું કારણ આપતાં કહ્યું હતું કે આ દિવસે હિન્દી ભાષા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આમ છતાં શૈલેશ મટિયાણીએ આ દિવસની ઉજવણીને શર્મનાક પાખંડ કહી હતી.

**● વિશ્વની ભાષાઓમાં હિન્દીનું સ્થાન ત્રીજું છે...**

વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષામાં હિન્દીનો ક્રમ ત્રીજો આવે છે. ૨૦૧૯ના રિપોર્ટ પ્રમાણે ૬૧૫ મિલિયન કરતાં વધુ લોકો દ્વારા બોલાતી દુનિયાની ત્રીજી ભાષા હિન્દી છે. વર્લ્ડ લેન્ગવેઝ ડેટાબેઝ એથનોલોગની ૨૨મી આવૃત્તિમાં બતાવવામાં આવ્યું છે કે ૧૧૩૨ મિલિયનથી વધુ લોકો દ્વારા બોલાતી ભાષામાં અંગ્રેજી સૌથી ટોચ પર છે, જ્યારે ચીની મૈંડરિક ભાષા ૧૧૧૭ મિલિયન લોકો બોલી રહ્યાં છે. એથનોલોગની સ્થાપના ૧૯૫૧માં થઈ હતી અને તેનું કામ વિશ્વમાં સૌથી વધુ બોલાતી ભાષાઓનો ડેટાબેઝ એકત્ર કરવાનું છે. આ ડેટાબેઝમાં દુનિયામાં બોલાતી ૭૧૧૧ ભાષાઓને સામેલ કરવામાં આવી છે. આ ઉપરાંત એથનલોગ એવી પ્રાચીન ૩૪૮ ભાષાઓનો ડેટા પણ તૈયાર કરે છે કે જે વર્તમાનમાં બોલાતી નથી. વિશ્વમાં બોલવામાં આવતી ત્રણ મુખ્ય ભાષાઓ પૈકી હિન્દીમાં વાંચવા અને લખવાની પદ્ધતિ અપનાવતા લોકોની સંખ્યા ઓછી થતી હાય છે. બીજી તરફ હિન્દી ભાષા પર અંગ્રેજી શબ્દોનું પ્રભુત્વ વધતું જાય છે. હિન્દીમાં કેટલાક પ્રચલિત શબ્દો દૂર થયાં છે જેના કારણે હિન્દી ભાષા ભવિષ્યમાં લુપ્ત થવાની સંભાવના વધી રહી છે. મહત્વની બાબત એવી છે કે હિન્દીને આજદિન સુધી સંયુક્ત રાષ્ટ્રસંઘની ભાષા બનાવવામાં આવી નથી, કારણ કે ૧૨૯ દેશોનું સમર્થન મળી શકતું નથી. હજી સુધી હિન્દી ભાષા માટે ૧૭૭ દેશોનું સમર્થન મળી ચૂક્યું છે.

## જેમણે લાંબો સંઘર્ષ કર્યો છે તેવા હિન્દીના વ્યૌહાર રાજેન્દ્રસિંહના ૫૦મા જન્મદિને ગૌરવ મળ્યું છે

**● રાષ્ટ્રભાષા ગૌરવ અને કીર્તિ પુરસ્કાર...**

સામાન્ય બોલચાલની ભાષામાં ભારતીય લોકો પણ અંગ્રેજી ભાષાનો પ્રયોગ કરે છે તેથી હિન્દીના અસ્તિત્વ માટે ખતરો પેદા થયો છે. હદ તો ત્યાં થાય છે કે વારાણસીમાં સ્થિત દુનિયાની સૌથી મોટી હિન્દી સંસ્થા આજે અસ્તાચળ ભણી છે. હિન્દી દિવસ સાથે ૧૪મી સપ્ટેમ્બર થી હિન્દી સપ્તાહ પણ મનાવવામાં આવે છે. ભારત સરકાર વિભાગ કે સમિતિને રાષ્ટ્રભાષા કીર્તિ પુરસ્કાર અને વ્યક્તિને રાષ્ટ્રભાષા ગૌરવ પુરસ્કાર એનાયત કરે છે. રાષ્ટ્રભાષા ગૌરવ પુરસ્કાર ટેકનોલોજી કે વિજ્ઞાન વિષયમાં લખનારા વ્યક્તિને આપવામાં આવે છે જેમાં ૧૦,૦૦૦ થી બે લાખ રૂપિયાના ૧૩ પુરસ્કાર હોય છે. જ્યારે રાષ્ટ્રભાષા કીર્તિ પુરસ્કાર ૩૯ સંસ્થાઓ કે વિભાગને શ્રેષ્ઠ કાર્ય માટે આપવામાં આવે છે, જેનો મુખ્ય ઉદેશ સરકારી કાર્યમાં હિન્દી ભાષાનો ઉપયોગ કરવાનો છે. ભારતમાં કેટલાક હિન્દી લેખકોનું કહેવું છે કે હિન્દી દિવસની ઉજવણી માત્ર એક દિવસ માટે થાય છે તેથી તેનો વિકાસ થતો નથી. કેટલાક લોકો હિન્દી દિવસ સમારોહમાં અંગ્રેજી ભાષામાં લખીને લોકોનું સ્વાગત કરવામાં આવે છે. કહેવાય છે કે હિન્દીનો ઈતિહાસ ૧૦૦૦ વર્ષ પુરાણો છે. હિન્દી એ હિન્દુસ્તાનની રાષ્ટ્રભાષા જ નથી પરંતુ હિન્દુસ્તાનીઓની પહેચાન પણ છે.

**● ઇન્ટરનેટના માધ્યમથી હિન્દીને મોટો ફાયદો થયો...**

ઈન્ટરનેટના પ્રસારથી જો સૌથી વધુ કોઈને ફાયદો થયો હોય તો તે હિન્દી ભાષા છે. ૨૦૧૬માં ડિજીટલ માધ્યમમાં હિન્દી સમાચાર વાંચનારા લોકોની સંખ્યા ૫.૫ કરોડ હતી જે ૨૦૨૧માં વધીને ૧૪.૪ કરોડ થવાનું અનુમાન છે. એક વર્ષ પછી હિન્દીમાં ઉપયોગ કરનારા લોકોની સંખ્યા અંગ્રેજીમાં નેટનો ઉપયોગ કરનારા લોકોની સરખામણીએ વધી જશે. ગુગલના ડેટા પ્રમાણે હિન્દીમાં વાંચનારાઓની સંખ્યા દર વર્ષે ૯૪ ટકાના દરે વધી રહી છે જ્યારે અંગ્રેજીમાં આ દર ૧૭ ટકાનો છે. દક્ષિણ પ્રશાંત મહાસાગરના મેલાનેશિયામાં ફિજી નામના એક ટાપુમાં હિન્દીને આધિકારિક ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. તેને ફિજીયન હિન્દી કે ફિજીયન હિન્દુસ્થાની કહે છે. આ ભાષા અવધી, ભોજપુરી અને અન્ય બોલીઓનું મિશ્રણ છે. હવે તો વિશ્વના ૮૦ ટકા દેશોમાં હિન્દી ભાષા બોલવામાં આવે છે. ૨૦૧૭માં ઓક્સફર્ડ ડિક્શનરીમાં પ્રથમ વખત અચ્છા, બડા દિન, બચ્ચા અને સૂર્ય નમસ્કાર જેવા હિન્દી શબ્દોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**● મુસ્લિમ દેશો હંમેશા હિન્દ શબ્દ વાપરતા હતા...**

હિન્દી શબ્દનો ઉદભવ હિન્દમાંથી થયો છે. હિન્દ શબ્દ એ ભારતની પશ્ચિમે આવેલા મુસ્લિમ દેશો દ્વારા ભારત માટે વપરાતો શબ્દ છે. હિન્દ એ સંસ્કૃત શબ્દ સિંધુનો અપભ્રંશ છે. હિન્દી ભાષા મુખ્યત્વે સંસ્કૃત ભાષામાંથી ઉતરી આવી છે પરંતુ તેમાં મુસ્લિમ સંસ્કૃતિની ઘણી અસર દેખાય છે. ખાસ કરીને તેમાં ફારસી શબ્દોનો સમાવેશ થાય છે. હિન્દી અને ઉર્દુ ભગિનની ભાષાઓ કહેવાય છે, કારણ કે તેમના વ્યાકરણ અને શબ્દભંડોળ ખૂબ સમાન છે. ચોંકાવનારી બાબત એવી છે કે ભારતની ૪૦ ભાષાઓ અથવા તો બોલીઓ લુપ્ત થવાના આરે છે, કારણ કે બહું ઓછાં લોકો તે બોલે છે. સેન્સસના ડાયરેક્ટરના એક રિપોર્ટ પ્રમાણે દેશમાં ૨૨ શિડ્યુઅલ અને ૧૦૦ નોન શિડ્યુઅલ ભાષાઓ છે જેને એક લાખ કરતાં વધુ લોકો બોલે છે. જો કે ૩૫ એવી ભાષાઓ છે કે જે માત્ર ૧૦,૦૦૦ લોકો બોલે છે. યુનેસ્કો દ્વારા તૈયાર કરાયેલા એક રિપોર્ટ પ્રમાણે ભારતની ૧૨ ભાષાઓ ટૂંકસમયમાં લુપ્ત થશે, જેમાં આંદામાન-નિકોબારની ૧૧, મણીપુરની સાત અને હિમાચલની ચાર ભાષાનો સમાવેશ થાય છે. એ ઉપરાંત કર્ણાટક, આંધ્રપ્રદેશ, અરૂણાચલ પ્રદેશ, આસામ, ઉત્તરાખંડ, ઝારખંડ, મહારાષ્ટ્ર, મેઘાલય અને પશ્ચિમબંગાળની કેટલીક ભાષાઓ છે.